ज्ञान-विज्ञान विमुक्तये
Peer Reviewed Refereed &
Previously Listed as
UGC Journal No. 47026

ISO 9001 : 2015 QMS
ISBN / ISSN

ISSN 2319 - 359X
AN INTERNATIONAL MULTIDISCIPLINARY
HALF YEARLY RESEARCH JOURNAL

# IDEAL

Single Blind Review

Volume - XII, Issue - II,
March - August - 2024
Gujrati Part - I

Impact Factor - 2023 - 7.537
(www.sjifactor.com)

Ajanta Prakashan

Scanned with CamScanner

ISSN 2319 - 359X
AN INTERNATIONAL MULTIDISCIPLINARY
HALF YEARLY RESEARCH JOURNAL

# IDEAL

Volume - XII Issue - II March - August - 2024

GUJARATI PART - I

Peer Reviewed Refereed &
Previously Listed as UGC Journal No. 47026

Single Blind Review

ज्ञान-विज्ञान विमुक्तये

IMPACT FACTOR / INDEXING
2023 - 7.537
www.sjifactor.com

❖ EDITOR ❖

Assit. Prof. Vinay Shankarrao Hatole
M.Sc (Math's). M.B.A. (Mkt). M.B.A (H.R).
M.Drama (Acting). M.Drama (Prod & Dirt). M.Ed.

❖ PUBLISHED BY ❖

Ajanta Prakashan
Aurangabad. (M.S.)

Scanned with CamScanner

# CONTENTS OF GUJARATI PART - I


| ક્રમ નં. | શીર્ષક અને લેખક | પૃષ્ઠ નં. |
|---|---|---|
| 1 | પર્યાવરણની સામાજીક અસરો<br>ભાવેશ જે. રાવલીયા (ડી.એસ.ઓ.) | 1-7 |
| 2 | શ્રી ગોવિંદગુરુનું જીવન અને તેમના શૌર્ય ગીતો : એક અભ્યાસ<br>ડૉ. ધવલ એચ. જોષી | 8-15 |
| 3 | આર્થિક વિકાસ: મુદ્દા અને પડકારો<br>ડૉ. રાકેશ એમ. ગાંવિત | 16-23 |
| 4 | Green Technology<br>ડૉ. રણજીતભાઈ ગમનભાઈ ગામીત | 24-28 |
| 5 | સાહિત્યમા આધુનિકતા અને ભાવસંવેદના<br>ડૉ. જિજ્ઞેશ ઉપાધ્યાય | 29-37 |
| 6 | આઝાદીની લડતમાં વલસાડશહેરનું પ્રદાન:<br>ચાંપાનેરી હિનલ પ્રવીણભાઇ | 38-46 |
| 7 | યોગાભ્યાસ<br>**Pro. Jamnaben N. Patel** | 47-54 |
| 8 | આદિવાસી સમાજમાં ઔદ્યોગિક પ્રક્રિયાના પરિણામે પરંપરાગત સંસ્કૃતિમાં આવેલ પરિવર્તનનો સમાજશાસ્ત્રીય અભ્યાસ<br>ડૉ. જ્યોતિ એમ. કુરાડા | 55-63 |
| 9 | માહિતી તક્નિકીનું વૈશ્વિકીકરણ<br>**Dr. Jignasaben K. Chavda** | 64-68 |
| 10 | "વાંસનો અંકુર" - વ્યકિતની સ્વતંત્રતા માટેની યાતના કથા<br>ડૉ. મીનાક્ષીબેન આર. પટેલ | 69-71 |
| 11 | દેશી રજવાડું નાંદોદની રાજકીય સ્થિતિ<br>પ્રા. ડૉ. નીમુબેન સોમાભાઈ ચૌધરી | 72-79 |
| 12 | ગ્રામીણ શિક્ષિત યુવા નેતૃવ : એક અભ્યાસ<br>ડૉ. સંજય. વી. પટેલ | 80-87 |
| 13 | આદિકવિ વાલ્મીકિ રચિત રામાયણમાં 'રામકથા' એક અભ્યાસ<br>**Mistri Shitalben Babulal** | 88-91 |




Scanned with CamScanner

VOLUME - XII, ISSUE - II - MARCH - AUGUST - 2024
IDEAL - ISSN - 2319 - 359X - IMPACT FACTOR - 7.537 (www.sjifactor.com)

# 11. દેશી રજવાડું નાંદોદની રાજકીય સ્થિતિ

પ્રા. ડૉ. નીમુબેન સોમાભાઈ ચૌધરી
આ. સિ. પ્રો. ઈતિહાસ વિભાગ-અધ્યક્ષ, સ. વિ. વા. અને વિજ્ઞાન કોલેજ, ખેરગામ.

નર્મદા નદીમાં મળતી કરજણ નદીની પૂર્વે આવેલું નાંદોદ પહેલા નાંદીપુરા તરીકે ઓળખાતું ... ત્યારબાદ નાંદીપુરા તરીકે ત્યાં ગુર્જર નૃપતિ વંશનું રાજ્ય હતું. નાન્દીપુરા પછી નાન્દીપુર ત્યાર ... નંદપ્રદ તરીકે ઓળખાયું અંતમાં નાંદોદ થયું. પ્રારંભમાં નાન્દીપુર અને ત્યારબાદ નાંદોદ તરીકે ... હાલનું રાજપીપળા ઐતિહાસિક પાટનગર પાટણ કરતાં પણ વધુ પ્રાચીન હોવાનું મનાય છે. લાટમાં ... અને ચૌલુક્યોનાં તામ્રપત્રોમાં પાટનગર તરીકે નાન્દીપુરનો ઉલ્લેખ જોવા મળે છે.

સંખેડા (હાલ વડોદરા જિલ્લામાં) અને ભરૂચ પ્રદેશ ઉપર કલચૂરી વંશની સત્તા હેઠળ હતો ... એમાં જયભટ્ટ વિતરાગનો પુત્ર દદ્દ બીજો આ વંશનો પ્રતાપી રાજા હતો. તેના પાંચ દાનશાસન ... છે.(ઈ.સ.૬૨૯-૬૪૨)મળેલા દાનશાસનોમાં અંકૂરેશ્વર(અંકલેશ્વર)ને લગતાં છે. એમાં એની રાજધાની 'નાંદીપુર' જણાવી છે. જયભટ્ટ ત્રીજાના સમયમાં પણ નાંદીપુર ઓળખાતું એવું એના ૭૧૦ નાં દાનશાસન પરથી માલૂમ પડે છે.[1]

ઈ.સ.૬૨૯-૪૧માં રાજપીપળા ગુર્જરની રાજધાની હતી. રાજાનો દરબાર ગઢ પીપળાના ઝાડ ... હોવાથી તે વિસ્તારને લોકો રાજનો પીપળો કહેતા અને ત્યાર પછી રાજપીપળા તરીકે ગામનું નામ ... હોવાનું મનાય છે. દરબાર ગઢ તે રાજપીપળા અને ગામ તે 'નાંદોદ'.[2]

રાજા વેરિસાલજીએ પોતાની માતા નંદકુંવરબાની યાદમાં ત્યાં નંદપુર ગામે નગર વસાવ્યું અને ... નંદકુંવરબાએ શ્રી નંદકેશ્વર મહાદેવની સ્થાપનાં કરી. ઈ.સ.૧૭૧૫માં રાજા વેરીસાલજી ૮૫ વર્ષની વયે ... પામ્યાં તે પછી તેમના પુત્ર જીતસિંહએ (૧૭૧૫-૧૭૫૪) રાજપીપળાથી ગાદી નંદપુરમાં સ્થાપી ... નંદપુરનું નામ નાંદોદ પડ્યું જે આજે નાંદોદ તાલુકા તરીકે ઓળખાય છે.[3]

એક વખતનું વિખ્યાત રાજવી નગર રાજપીપળા એક જમાનામાં પ્રથમ કક્ષાનું શહેર ગણાતું ... સૈકાઓ જૂનો ઈતિહાસ ધરાવતા રાજપીપળાનું મૂળ નામ 'નાંદોદ' હતું. આ રાજપીપળા બ્રિટિશ ... દરમિયાન રેવા કાંઠા એજન્સીમાં પ્રથમ નંબરનું રીયાસતી રાજ્ય હતું.[4] આજનો નર્મદા જિલ્લો એ ... ભારતના દેશી રજવાડાઓમાં મહત્વનું સ્થાન ધરાવતું(૧૩ બંદૂકની સલામીનું) રાજપીપળા સ્ટેટ હતું ...

બે અર્ધ સ્વતંત્ર ભીલ સંસ્થાઓ સાગબારા તથા વાડી સમાવિષ્ટ હતાં. જેમાં સાગબારા ભીલ એસ્ટેટ લગભગ ૨૭ ગામોનો વિસ્તાર ધરાવતી હતી.[૧]

કહેવાય છે કે અહી રાજગાદીની સ્થાપના એક પીપળાના વૃક્ષ નીચે થયેલ હોવાથી તે પરથી 'રાજપીપળા' એવુ નામ પડ્યું તો વળી કેટલાક કહે છે કે પ્રાચીન કાળમાં નર્મદાના દક્ષિણ તટે પીપલોદન તપોવન આવેલ હતું તેના પરથી આ નામ પડ્યું "આ પ્રથમ ગાદીનું સ્થાન પીપળા નીચે હતું તેથી રાજપીપળા નામ પડ્યું. પીપળાના વૃક્ષો વધુ હોવાથી પણ રાજપીપળા નામ પડ્યું"[૨]

ગુજરાતના સુલતાનના આક્રમણને લીધે નાંદોદનાં ગોહિલ રાજાઓને સાપુતારાની ખીણમા જવુ પડ્યું હતું તથા પીપળાના વૃક્ષ નીચે એ વંશના રાજા હરિસિંહ ગોહિલે(ઈ.સ.૧૪૩૮-૧૪૭૫) આશ્રય લેતા નવા વસાવવામાં આવેલા પાટનગરને રાજપીપળા હાલ જૂનારાજ તરીકે ઓળખાય છે. ઉપલા જૂનારાજ થી પાંચેક કી.મી.દૂર નીચલા જૂનારાજ તરીકે ઓળખાતી જગ્યાએ ગોહિલ વંશના રાજાઓએ વસવાટ કર્યો હોવાનું મનાય છે.(આજે પણ તેના અવશેષો ત્યાં જોવા મળે છે.)[૩]

સવંત ૧૫૧૪માં આવેલા પૃથુરાજજી પહેલાએ રાજતિલક જૂના રાજનાં વસાવાના હાથે કરાવ્યાં અને ત્યારથી આ વસાવાની પેઢીમાં જે પુરૂષ હોય તેની પાસે જ રાજવંશીઓ તિલક કરાવે એવો ઠરાવ કર્યો અને અમલ હાલમાં પણ થાય છે. સવંત ૧૬૬૨ થી ૧૬૬૧ ગાદી પર રહેનાર દીપસિહજીના વખતમાં હાલ રાજપીપળાનાં નામે ચાલે છે. તે સ્થળે ગાદી લાવવામાં આવી અને મૂળ ગાદીનું નામ જૂનારાજ પડ્યું.

સવંત ૧૪૪૨ થી ૧૫૧૪ની વચ્ચે સુલતાન અહમદશાહે બે વાર આ સંસ્થાન પર ચડાઈ કરી હતી તેનાથી બચવા તે વખતના રાજા હરિસિહજીએ રાજપીપળાથી ૧૬ કી.મી.દૂર 'જૂનારાજ' તરીકે ઓળખાતા સ્થળે ત્યાંના ભીલ રાજાની સમંતિથી ગાદી સ્થાપી અને તેના હાથે રાજતિલક કરાવ્યું.

ગેઝેટિયરમાં ઉલેખ્ખ કર્યો છે તે મુજબ નાંદોદનાં રાજાને ઈ.સ.૧૩૦૪માં મુસલમાનોને હાંકી કાઢતા પોતાના જિલ્લાઓની રાજધાની બનાવી દીધું. જૂનારાજ ગામે ભીલ લોકો વિના બીજા જઈ શકતા ના હતા કારણ કે કેડીના માર્ગો વિકટ હતા. આ શહેર ઈ.સ.૧૭૩૦ સુધી રાજધાની બન્યું. એ દરમિયાન નજીકમાં એક ગઢ કિલ્લો બાંધ્યો જે સ્થળ નવા રાજપીપળા તરીકે જાણીતું છે. આ દરમિયાન મુસલમાન હકૂમત ખાલસા થઈ અને નાંદોદનાં રાજાઓએ પોતાનો વિસ્તાર ફરીથી પાછો મેળવી લીધો ઈ.સ.૧૮૩૦માં જ તેઓ પોતાની મૂળ રાજધાનીમાં આવી શક્યા.

સોજીત્ર પ્રાશ્વનાથ મહાદેવના શિલાલેખમાં રાજા હરિસિંહ દ્વારા ઈ.સ.૧૪૩૨માં રાજપીપળાની ગાદીની સ્થાપના કર્યાનો ઉલ્લેખ છે.



Scanned with CamScanner

જૂના અને નવા રાજપીપળાને અનુક્રમે રાજગિરી અને વિંધ્યાગિરી તરીકે પણ ઓળખવામાં આવતા હતા. વિ.સ.૧૬૭૭નાં જૂરાજના મંદિરમાંના શિલાલેખમાં રાજગિરીનો ઉલ્લેખ છે. જૂના રાજ... વિંધ્યારાજ કે વિંધ્યાધિરાજ કહેવાતું તેનો ઉલ્લેખ પણ જૂનારાજનાં રાજકંઠ મહાદેવના શિલાલેખમાં છે.

જેને હાલ જૂનારાજ કહે છે એ નાંદોદની (રાજપીપળા) દક્ષિણમાં ૧૬.કી.મી.નાં અંતરે આવેલ છે... ડુંગરની ટોચ પર જૂનો કિલ્લો આવેલ છે. ઈ.સ.૧૭૩૦માં રાજા જીતસિંહે કરજણનાં સંગમ ... રાજપીપળા વસાવી રાજધાની રાખી પણ ડુંગરની ટોચ પર ઉપર કોટ હતો તે હવે લગભગ નષ્ટ ... છે. તેની આગળનાં લાલ દરવાજાની નીચે નાંદોદથી જૂનારાજ જવાનો ભૂગર્ભ માર્ગ પડે છે. ... વિસ્તાર કરજણ ડેમના જળ વિસ્તારમાં આવી ગયો છે. તા.૦૯/૦૫/૨૦૧૩નાં રોજ જૂનારાજ ગામની ... રૂબરૂ મુલાકાત લીધી હતી. ૧૪ માર્ચ, ૨૦૧૨, બુધવાર અર્ધ સાપ્તાહિક પૂર્તિમાં ઉલ્લેખ કર્યો છે. તે ... રાજપીપળા રાજ્યની એક સમયની રાજધાની એટલે 'જૂનારાજ' કરજણ નદી પરના ડેમને કારણે આ ... રાજપીપળાથી અલગ પડી ગયું છે. જૂનારાજની ત્રણ દિશામાં પાણી અને પાછળનાં ભાગે અરવ... પર્વતમાળા આવેલી છે. ગામ સુધી પહોંચવા માટે કરજણ ડેમાંથી પાણીમાં હોડી દ્વારા હનુમાનટેક... માંડણથી પણ બોટ દ્વારા જૂનારાજ ગામે પહોંચી શકાતું હતું. પરંતુ ગામના રહેવાસીઓઅના કહેવા મુજબ ... જ વર્ષ થયા ડુંગરો કોતરી રસ્તો બનાવાયો છે. પરંતુ એસ.ટી.બસની સુવિધા નથી ૨૦૦૯માં સોલાર ... ફીટ કર્યા બાદ ગામમાં વિજળી આવી છે. ૧ થી ૮ ધોરણની પ્રાથમિક શાળા હોઈ ત્યાંના બાળકો ધોરણ ... સુધીનો અભ્યાસ કરી વાહન વ્યવહારની પડતી અગવડતાને કારણે પોતાનો આગળનો અભ્યાસ છોડી દે ...

આમ તો ગામમાં જોવા જેવું કશું નથી પરંતુ પ્રકૃતિના ગોદમાં વસેલા આ ગામને નિહાળીએ તો ... જોવા મળ્યાનો અસંતોષ થાય ત્યાં સુધીની મુસાફરી રસપ્રદ છે. રાજપીપળાથી કરજણ ડેમ જઈએ ... જૂનારાજ જતી હોડી ઉપડતી હોય એમાં બેસી જવાનું. એક ટેકરીનો ચકરાવો લઈએ હોડી આગળ વધે ... દૂરથી ગામ દેખાવાનું શરૂ થાય. જૂનારાજ નજીક આવે એટલે તમને અડધો પડધો પાણીમાં ડૂબેલો ... દેખાય. એ કિલ્લો ૪૦૦ વર્ષ પહેલાં જૂનારાજની રાજધાની હોવાની ચાડી ખાય(આજે પણ ત્યાં તેના અવશેષો મોજૂદ છે) કાંઠા નજીક પહોંચો એટલે ખંડેર હાલતમાં મહાદેવનું મંદિર નજરે પડે નદીના પાણીની વ... થતી હોવાથી મંદિરમાં ઘણી વખત પાણી ઘૂસી જાય છે. ત્યાં શ્રી રાજરાજેશ્વર મહાદેવ, નીલકંઠેશ્વર મહાદેવ ... મંદિર સૌથી પુરાણું છે. અને તે પાણીમાં ખંડેર અવસ્થામાં જોવા મળે છે. એટલું જ નહિ મસ્જીદ પણ ... અવસ્થામાં જોવા મળે છે મુસલમાનોની વસ્તી અહી હશે એમ તેની સાક્ષી પૂરે છે. ઈકબાલભાઈનાં જણાવ્યા મુજબ પાંચથી છ ઘરો મુસ્લિમ પરિવારના વસવાટ કરે છે. મહેલનાં જ્યાં ખંડેરો છે ત્યાં હાલમાં નર્મદાબેન ... જે વિધુરબાઈ છે તે ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવે છે.



Scanned with CamScanner

VOLUME - XII, ISSUE - II - MARCH - AUGUST - 2024
IDEAL - ISSN - 2319 - 359X - IMPACT FACTOR - 7.537 (www.sjifactor.com)

ગેઝેટિયરમાં નોંધ કરી છે તે મુજબ તેરમી સદીના અંતે મોખાડાજી ગોહિલ નામનાં સરદારે ઘોઘામા સ્વાયત્ત રાજ્યની સ્થાપના કરી પરતું મુસ્લિમો સામેની લડાઈમાં તે વીરગતિ પામ્યા. આ સરદાર ને બે રાણીઓ હતી તેમાંની એક પરમાર રાજાની દીકરી અને બીજી પાલિતાણા પાસેના ગામના ઠાકોરની દીકરી મોખાડાજીને પાલિતાણાનાં રાજકુંવરી થી ડુંગરસિંહજી નામે પુત્ર તથા રાજપીપલાના રાજકુંવરી થી સમરસિંહજી નામે પુત્ર થયેલ મુસ્લિમોનાં હુમલાથી બચવા મોખાડાજીએ બંને પુત્રોને મોસાળ મોકલી આપ્યા પછીથી ડુંગરસિંહજી પાલિતાણાનાં શાસક બન્યા અને સમરસિંહજી પોતાના અપુત્ર મામાના વારસદાર તરીકે રાજપીપળાનાં રાજવી બન્યા પરમાર વંશના છેલ્લા રાજવી નંદરાજ પરમાર ને ત્યાં સંતાન નહિ હોવાથી તેમણે પોતાના ભાણેજ શ્રી સમરસિંહને દત્તક લીધો. જે ઈ.સ.૧૩૪૭માં અર્જુનસિંહ નામ ધારણ કરી ગાદીએ બેઠો. આમ સત્તા પરમાર વંશના હાથમાંથી ગોહિલ વંશના હાથમાં આવી અને તેના બે પુત્રો ઉગ્રસિંહજી અને ભાણસિંહજી મૃત્યુ પામતા ભાણસિંહજીનાં પુત્ર ગેમલસિંહજી રાજપીપળાનાં શાસક બન્યો.

સંવત ૧૪૪૨ થી ૧૪૭૨ની વચ્ચે અહમદશાહે રાજ્ય વિસ્તાર વધારવાનાં ભાગરૂપે રાજ્ય કબજે કર્યું ત્યાના રાજવી ગેમલસિંહજી જંગલમાં નાસી ગયા(૧૪૧૮) પરતું તેમના પુત્ર વિજયાપાલજી એ ટૂંક સમયમા રાજપીપળા ઉપર ફરીથી પોતાનો અધિકાર સ્થાપી દીધો. તેમના અવસાન બાદ તેનો મોટો પુત્ર રામસિંહજી (હરિસિંહજી) રાજપીપળાના શાસક બન્યા એ સમયે ફરી બીજીવાર અહમદશાહે ચઢાઈ કરી. આથી રાજપીપળાનાં રાજા છત્રસાલનાં સયુંકત લાશકરોનો સામનો કર્યો પરતું અહમદશાહે સયુંકત લશકરોનો પરાજય કર્યો. (૧૪૩૧-૧૪૩૨) અને રાજપીપળાને લૂંટવામાં આવ્યું. રાજા હરિસિંહજી જંગલમાં જતા રહ્યા અને ફરી બાર વર્ષે (૧૪૪૩)માં તેમણે ફરી રાજપીપળા કબજે કર્યું.

સુલતાન મહમૂદ બેગડાના શાસનકાળ દરમિયાન ફરી રાજપીપળા મુસ્લિમોના આધિપત્ય હેઠળ આવ્યું.ઈ.સ.૧૫૧૩ બેગડાના મૃત્યુ બાદ ફરી રાજપીપળા સ્વાયત્ત બન્યું અને તેના શાસકો (હરિસિંહજી વંશજો) એ સ્વતંત્ર રાજવીઓ તરીકે શાસન કર્યું ત્યારબાદ શહેનશાહ અકબરે મુઝફરશાહ પાસેથી ગુજરાત જીતી લીધું. ગુજરાતમાં મુઘલ સૂબેદારોનું શાસન શરૂ થયું. એ સમયે રાજપીપળાનાં રાજવી તરીકે ભૈરવસિંહ હતા. તેમની સાથે નક્કી થયા પ્રમાણે મુઘલોએ વાર્ષિક રૂ.૩૫,૫૫૦ની ખંડણી તરીકે આપવી પડતી જે (૧૭૦૭) ઔરંગઝેબનાં અવસાન સુધી નિયમિત ચાલુ રહી અને પછીથી બંધ થઇ.

ભૈરવસિંહનાં મૃત્યુ બાદ(૧૫૮૩) પૃથુરાજજી ગાદીએ આવ્યા.(૧૫૮૩-૧૫૯૩) પરતું સગીર વયના હોવાથી રાજ્યનો વહીવટ તેના નાગર બ્રાહ્મણ મંત્રી વચ્છત્રવાડી કરતો તેમણે રાજકીય સ્થિરતા સ્થાપી આથી રાજ્યમાં શાંતિ અને સલામતી સ્થપાતાં વેપારની વૃદ્ધિ થઇ અને રાજ્યની આવકમાં વધારો થયો આ સમયગાળા દરમિયાન ગુજરાતનો છેલ્લો સુલતાન મુઝફરશાહ ત્રીજો દિલ્હીની નજરકેદમાંથી છટકી -



Scanned with CamScanner

ગુજરાતમાં આવ્યો. વચ્છજવાડીએ તેને આશ્રય આપ્યો. પરંતુ મુઘલ સેના તેને હરાવે આથી તેણે આત્મહત્યા કરી લીધી (૧૫૮૧) અને વચ્છજવાડી વીરગતિને પામ્યા.

ઔરંગઝેબનાં અવસાન બાદ મુઘલ સત્તા નબળી પડતા ગુજરાતના સૂબેદારો પણ સ્વતંત્ર શાસક જેમ વર્તવા લાગ્યા. આમ ૧૮મી સદીમાં મરાઠી સત્તાનો પ્રભાવ ભારતનાં અન્ય પ્રદેશોની સાથે ગુજરાતમાં પણ ફેલાયો અને આમ મરાઠા સરદારોએ મુઘલ સૂબેદારોને પરાજય આપીને ગુજરાતના અમુક પ્રદેશો કબજે કર્યા. ૧૮મી સદીમાં રાજપીપળાનો પ્રદેશ મરાઠી સત્તાના વર્ચસ્વ હેઠળ આવ્યો અને આ રીતે ગુજરાતમાં ગાયકવાડી સત્તા પ્રબળ બની. આ સમય દરમિયાન રાજપીપળાનાં રાજવી વેરિસાલજી પહેલા હતા. તેમના સમયમાં ધનાજી જાદવની રાહબેરી હેઠળ ગુજરાત પર આક્રમણ કર્યું અને ઔરંગઝેબના સેનાપતિઓ નઝરતઅલીખાન અને જાફરખાનને રાજપીપળાનાં રતનપુર ગામ પાસેની લડાઈમાં મરાઠાઓએ હરાવ્યા ત્યારથી રાજપીપળા રાજ્ય મરાઠાઓના વર્ચસ્વ હેઠળ આવ્યું. પરંતુ વેરિસાલજીનાં મૃત્યુ પછી તેમનો પુત્ર જીતસિંહે મરાઠાઓને હાંકી કાઢી રાજધાની રાજપીપળા થી નાંદોદ બદલી(૧૭૩૦) અને ૧૭૫૪ સુધી સ્વાયત્ત રાજવી તરીકે વહીવટ કર્યો. પરંતુ તેમના અવસાન બાદ તેમના પુત્ર પ્રતાપસિંહના સમયમાં વડોદરાના રાજા ગાયકવાડ દામાજીરાવે રાજપીપળા પર આક્રમણ કરી નાંદોદ, ભાલોદ, વરેઠા અને ગોવાલી નામના ચાર પરગણાની આવકનાં અર્ધા ભાગ પર પોતાનો હક્ક સ્થાપિત કર્યો.તેમના અવસાન બાદ આવનારા તેમના પુત્ર રાયસિંહજીએ પોતાની ભત્રીજાના લગ્ન દામાજી ગાયકવાડ સાથે કરી ચાર પરગણાની આવકનો અર્ધો ભાગ જતે કર્યો અને બદલામાં રૂ. ૪૦,૦૦૦ની ખંડણી ગાયકવાડને આપવી એમ નક્કી કર્યું.(ઈ.સ.૧૭૬૪) આ ખંડણીની રકમ વધારીને (ઈ.સ.૧૭૮૧)માં ફતેસિંહ ગાયકવાડે રૂ.૪૯,૦૦૦ની કરી

રાયસિંહજી અને અજબસિંહજી વચ્ચે ગાદી માટે વિગ્રહ થયો હતો. તેમાં અજબસિંહજીનો વિજય થયો. તેમણે ૧૭ વર્ષ (૧૭૮૬-૧૮૦૩) સુધી રાજ્ય કર્યું. પરંતુ ગાયકવાડે આ ભાઈઓ વચ્ચેના સંઘર્ષનો લાભ લઈને વાર્ષિક ખંડણીની રકમ વધારી દઈને રૂ.૭૦,૦૦૦ની કરી દીધી (૧૭૯૩) આજ સમય દરમિયાન કુવર વસાવા નામના સાગબારાના ભીલ સરદારે બંડ પોકારીને પાંચ ભિલોડી પરગણા કબજે કરી લીધા એટલું જ નહિ પરંતુ ગુજરાત અને ખાનદેશ વચ્ચેનો વેપારી માર્ગ બંધ કરી દીધો. આથી રાજ્યની વાર્ષિક આવક ઘટી ગઈ.

૧૮૦૩માં અજબસિંહજીનું મૃત્યુ થતાં તેના પુત્ર રામસિંહ અને નહારસિંહ વચ્ચે ગાદી માટે વિગ્રહ થયો. લશ્કરે રામસિંહને ગાદીએ બેસાડ્યો પરંતુ તે વિલાસી હોવાથી તેના સમયમાં રાજ્યમાં અંધાધૂંધી વ્યાપી. આથી ગાયકવાડે આ તકનો લાભ લઇ રાજપીપળા ઉપર આક્રમણ કર્યું. (૧૮૦૫) આમ રામસિંહે રૂ.૧૫,૦૦૦ નજરાણા તરીકે અને રૂ.૯૬,૦૦૦ વાર્ષિક ખંડણી ગાયકવાડને આપવાનું સ્વીકાર્યું. રામસિંહ દ

...સમાં રચ્યો પચ્યો રહેવાથી તેની જગ્યાએ તેનો પુત્ર વૈભવ પ્રતાપસિંહને ગાદીએ બેસાડવામાં આવ્યો ... નહારસિંહે તેને પુત્ર ના હોવાની રજૂઆત કરી અને ગાયકવાડને લવાદી કરી પરંતુ તેનુ પોતાનુ ... ધિપત્ય જળવાય રહે તે માટે ૧૮૨૦ સુધી દાવાને લંબાવ્યો. આથી નહારસિંહે બ્રિટિશ સરકારને ... નો નિકાલ કરવા માટે રેસીડેન્ટ વીલોબિની નિમણૂંક કરી.(ફેબ્રુઆરી-૧૮૨૧)

વીલોબિના ચુકાદા મુજબ નહારસિંહને ગાદી મળી પરંતુ તે અંધ હોવાથી તેના પુત્ર વેરિસાલજી ...ને રાજપીપળાનાં શાસક ઘોષિત કરવામાં આવ્યો. (નવે.૧૮૨૧) આમ સમજૂતી થયા મુજબ ...જપીપળા પરથી પોતાના બધા હક્કો ગાયકવાડે ઉઠાવી લીધા પરંતુ તેના બદલામાં રૂ.૬૫,૦૦૦ની વાર્ષિક ...ણી બ્રિટિશ સરકાર મારફતે રાજપીપળાનાં રાજ્યે ગાયકવાડને આપવાનું સ્વીકાર્યું.(૧૮૨૩) પરંતુ ...રિસાલજી સગીર હોવાને લીધે રાજ્યનો વહીવટ નાયક રેસીડેન્ટ વીલોબીને સોંપવામાં આવ્યો કે જેણે ...ના વહીવટકાળ દરમિયાન તેણે સાગબારાના ભીલ ઠાકુરે કુંવર વસાવા રોહોઆના સામંત રાયસિંહ ... ભીલકવાડાનાં જાગીરદાર બાજીદેમાના બંડ ને શમાવ્યાં એટલુંજ નહિ નાસીરખાન તથા ઉમેદખાન ... લુંટારા ધનકા જેવા બહારવટિયાને નમાવ્યા. આ વીલોબીએ રાજ્યમાં શાંતિ અને સલામતી સ્થાપી ... સાથે ખાનદેશની સરહદે ઉપદ્રવ ઉપજાવનાર કુંવરજીવા તેમજ કાલિયા ચમાર નામનાં બે ભીલ ...રદારો ને તાણેલી ખાનદેશ સાથેનો વેપારી માર્ગ પણ ખુલ્લો કર્યો. આથી રાજ્યની વેપાર વૃદ્ધિ થઇ તથા ...વકમાં વધારો થયો અને રાજ્યમાં શાંતિ અને સલામતી સ્થપાઈ.

૧૮૩૭માં વેરિસાલજી બીજા પુખ્ત વયના તથા તેમને રાજપીપળાનો વહીવટ સોંપવામાં આવ્યો ...મ, ૧૮૫૦માં બ્રિટિશ સરકારે રાજ્ય પરની દેખરેખ ઉઠાવી લીધી અને વેરિસાલજી બીજા અને ગાયકવાડ ...ચ્ચે સમજૂતી થઇ એ મુજબ રાજપીપળા રાજ્યમાં પણ કોઈપણ પ્રકારની આંતરિક દરમિયાનગીરી નહિ ...રવાની ગાયકવાડે ખાતરી આપી તથા પરગણા પરનો હક્ક ઉઠાવી લીધો તેના બદલામાં રાજપીપળા ...જ્યે વડોદરા રાજયની સરહદે આવેલ પોતાનું કર્નાલી ગામ ગાયકવાડને સુપ્રત કર્યું એટલુંજ નહિ પરંતુ ...ર વર્ષે ગાયકવાડને રૂ.૭૩,૩૫૧ની રકમ આપવાનું કબૂલ કર્યું.(૧૮૫૨)

સાગબારાના ઠાકોર કુંવરનું ૧૮૫૯મા વસાણ થતાં તેના બે પુત્રો વચ્ચે ગાદી માટે ઝગડો થયો ...રિસાલજીએ દરમિયાનગીરી કરીને બંને વચ્ચે સમાધાન કરાવ્યું. જે મુજબ સાગબારાની જાગીર જમીન ...સૂલની આવક બંને પુત્રો રાખે, જ્યારે બાકીની જાગીરની મહેસૂલી આવક રાજપીપળા રાજ્યની તિજોરીમાં ...મા કરાવે તેમ નક્કી થયું.આથી રાજ્યની આવકમાં વધારો થયો.

૧૮૫૭ના મહા વિપ્લવમાં રાજા વેરિસાલજી બીજા બ્રિટિશ સરકારને વફાદાર રહ્યા. આ ... ...રિસાલજીએ બ્રિટિશ સરકારની પરવાનગીથી પોતાના પુત્ર ગંભીરસિંહજીને ઈ.સ.૧૮૫૯માં પોતાની ... સંયુક્ત વહીવટકર્તા તરીકે નિયુક્ત કર્યા પરંતુ બંને વચ્ચે ઝગડો થતાં ઈ.સ.૧૮૬૮ની સાલમાં તેમ...



Scanned with CamScanner

પામ્યાં અને ગંભીરસિંહજી વિધિસરનાં શાસક બન્યા કે જેમણે ૧૮૫૭માં મુંબઈમાં પ્રિન્સ ઓફ વેલ્સની મુલાકાત લીધી અને ઈ.સ.૧૮૭૭માં વાઈસરોય લોર્ડ લિટનનાં દિલ્હી દરબારમાં હાજરી આપી.

રાજ્યમાં ઈ.સ.૧૮૪૪માં ગેરવહીવટ થતા અંગ્રેજોએ રાજપીપળા રાજ્યનો વહીવટ પોતાને હસ્તક લીધો જે ગંભીરસિંહજીનાં ૧૮૯૭માં થયેલ મૃત્યુ સુધી ચાલુ રહ્યો. અંગ્રેજ અધિકારી આઈ.સી.એસ.શીવાન, મેજર કેનેડી તથા મેજર સ્નેલ દ્વારા રાજપીપળાનાં થયેલા વહીવટ દરમિયાન રાજપીપળાની રાજકીય તથા આર્થિક ક્ષેત્રે પ્રગતિ થઇ.

૧૮૯૭માં તેમના પુત્ર છત્રસિંહજી ગાદીએ આવ્યા. તેમના દિવાન ધનજીશાહનાં સમયમાં રૂ.૧૪ લાખની બચત થઇ. તેમાંથી અંકલેશ્વર અને નાંદોદ વચ્ચે સાડત્રીસ માઈલનો રેલ્વે માર્ગ બાંધવામાં આવ્યો. ઈ.સ.૧૯૫૧માં તેમનું મૃત્યુ થતા પુત્ર વિજયસિંહજી ગાદીએ આવ્યા તેમના સમયમાં રાજ્યમાં અનેક મોટી ભવ્ય ઇમારતો ૬.૫૦ લાખના ખર્ચે બાંધવામાં આવી. ઈ.સ.૧૯૨૬ અને ઈ.સ.૧૯૨૭માં વાડી અને સાગબારાની જાગીરો રાજપીપળા રાજ્યના વહીવટ હેઠળ મૂકવામાં આવી. મહારાજા વિજયસિંહજીએ ગુજરાતના રાજ્યો મુંબઈ રાજ્યમાં ભલે તે માટે પ્રયત્નો કાર્ય. ઈ.સ.૧૯૭૧મા તેને મળતું સાલિયાણું ભારત સરકારે નાબૂદ કર્યું.

ઈ.સ.૧૯૨૫માં ૧લી જાન્યુઆરીએ રાજપીપળાનાં છેલ્લા સ્વતંત્ર મહારાજા વિજયસિંહે 'નાંદોદ'ને બદલે 'રાજપીપળા' નામની મહોર મારી.[૯]

તા.૦૯/૦૬/૧૯૪૮માં રાજપીપળા રાજ્ય સ્વતંત્ર ભારતના મુંબઈ રાજ્યમાં વિલીન થયું. રાજપીપળા ભરૂચ જિલ્લામાં ગણાયું. ભરૂચ જિલ્લામાંથી વિભાજીત થઇ એકવીસમી સદીની હરણફાળ રૂપે રોજ નાંદોદ, સાગબારા અને ડેડીયાપાડા તથા વડોદરા જિલ્લામાંથી તિલકવાડા આમ ચાર તાલુકાઓનો સમાવેશ કરી તા.૦૨/૧૦/૧૯૯૭નાં નર્મદા જિલ્લો અસ્તિત્વમાં આવ્યો જેનું પાટનગર રાજપીપળા રહ્યું.૯પરતું તા.૨૮મી ઓકટોમ્બરનાં રોજ નાંદોદ તાલુકામાંથી ગરૂડેશ્વર નામના નવા તાલુકાની રચના કરવામાં આવતાં હાલમાં નર્મદા જિલ્લામાં કુલ-૫(પાંચ) તાલુકાઓનો સમાવેશ થાય છે. પ્રાકૃતિક સૌંદર્ય અને વનસંપદાથી ભરપુર આ જિલ્લો ગુજરાતની જીવાદોરી સમાન ભવ્ય સરદાર સરોવર ડેમ કેવડીયા કોલોની ખાતે આવેલ છે.આ યોજનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વનું સ્થાન ધરાવે છે. નર્મદા જિલ્લામાં કુલ પાંચ તાલુકા, ૬૦૯ ગામડા આવેલ છે. ઈ.સ.૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ વસતી ૫,૯૦,૩૭૯ છે. જેમાં ગ્રામ્ય વસતી ૫,૨૮,૪૨૫ અને શહેરી વસતી ૬૧,૮૭૨ છે. ઈ.સ.૨૦૧૧ની વસતી ગણતરીના અહેવાલ મુજબ જીલ્લાનો સાક્ષરતા દર ૭૩.૨૯% છે. આ જિલ્લો વિંધ્ય-સાતપુડા ગીરીમાળાની વચ્ચે ગુજરાતના દક્ષિણ ભાગમાં આવેલ છે. આ જિલ્લામાં મુખ્યત્વે પાટીદારો ઉપરાંત આદિવાસી જેમકે વસાવા, તડવી લોકોની વસ્તીનું પ્રમાણ વસ્તીનું પ્રમાણ વધુ છે. તથા વિવિધ જાતિઓ જેવી કે કાથુડી,



Scanned with CamScanner

કોટવાડીયા, દૂબળા, ધાનાકા વગેરે જાતિની બોલી તથા પહેરવેશ અલગ છે. આદિવાસી પ્રજાના સમુદાયોની વિશિષ્ટ અને આગવી જીવનશૈલી છે. આ વિસ્તારની આદિવાસી પ્રજાએ આજના સમયે પણ પરિવર્તનો અને સાંસ્કૃતિક આક્રમણો વચ્ચે પણ પોતાની આગવી સંસ્કૃતિને અકબંધ જાળવી રાખી છે.

## સંદર્ભ સૂચી

1. ભરૂચ જિલ્લાનું ગેઝેટિયર, પૃ-૫૬૩
2. એજન પૃ-૫૬૪
3. વિકાસનો દશકો, પૃ-૬૧
4. એજન,પૃ-૬૧
5. વિકાસ વાટિકા નર્મદા જિલ્લો, ૨૦૦૮, પૃ-૫૪
6. ભરૂચ જિલ્લાનું ગેઝેટિયર, પૃ-૭૯
7. એજન,પૃ-૭૯
8. વિકાસનો દશકો, પૃ૬૧



Scanned with CamScanner